સહાયક ભાષાંતરકાર, વર્ગ-૩ (જા.ક્ર.:૧૦૨/૧૧-૧૨)ની સ્પર્ધાત્મક પરીક્ષા,
તા.૧૫ અને ૧૬-૦૯-૨૦૧૨, પેપર-૩:ભાષાંતર ગુજરાતીમાંથી અંગ્રેજી

**IEL-3**

Seat No.__________

**2012**

# Translation : Paper - III

Time : 2 Hours] [Total Marks : 100

**Instruction** : This question paper has two questions of equal marks each.

1 (A) Translate the following passage into English : 25

ટ્વિટર, ફેસબુક, બ્લોગ - આ શબ્દો જૂની પેઢીના લોકોના શબ્દકોષમાં કદાચ જોવા ન મળે તે શક્ય છે. વર્તમાન સમયનું સત્ય એ છે કે આજની યુવા પેઢી ટેક્નોલૉજીથી અત્યંત પ્રભાવિત છે. ૨૧મી સદી જ્ઞાનની સદી તો છે જ, સાથોસાથ, તે ટેક્નોલૉજીની સદી પણ ગણાય છે. આજની ઉગતી પેઢી કમ્પ્યૂટર, સેલફોન તથા અન્ય ઉપકરણોનો ઉપયોગ સરળતાથી કરી શકે છે. આ ઉપકરણો અનેક રીતે ઉપયોગી હોવાથી આજે સામાન્ય માણસ પણ તેમનો ઉપયોગ કરી રહ્યો છે. આ ઉપકરણોના વૈવિધ્યપૂર્ણ ઉપયોગોને કારણે આજે તે આપણા નિત્ય જીવનની અનિવાર્યતા બની ગયાં છે. આથી આપણે એટલી કાળજી રાખવી પડશે કે રખેને આપણે તેનાં ગુલામ બની જઈએ. આ ઉપરાંત, તેમની પાછળ આપણે આપણો મૂલ્યવાન સમય પણ વેડફવો જોઈએ નહીં. આપણો નવરાશનો સમય જાત માટે અને સમાજ માટે વાપરવો જોઈએ. આ ઉપકરણો પાછળ સમય વેડફવાને બદલે વાંચન, રમતગમત કે અન્ય રચનાત્મક પ્રવૃત્તિઓમાં સમય વિતાવવો જોઈએ. સ્વામી વિવેકાનંદના આદર્શોને અનુસરીને, યુવાનોએ ભારતમાતાની આરાધના કરવી જોઈએ. આ ઉપકરણોનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવાથી તે આપણા શ્રેષ્ઠ મિત્રો બની રહેશે. અન્યથા, તે સામાજિક અનિષ્ટ પણ પુરવાર થઈ શકે છે.

(B) Translate the following passage into English : 25

આ ક્ષણે, મને એક વિખ્યાત ચિંતકના એક વિધાનનું સ્મરણ થાય છે. તે વિધાન છે; ''ભલા થવું તે ઉમદા કાર્ય છે, પરંતુ બીજા લોકોને ભલા થવાનું શીખવવું તે એના કરતાં વધારે ઉમદા કાર્ય છે.'' આ વિશ્વમાં, આચરણ કરતાં ઉપદેશ વધારે શા માટે જોવા મળે છે તે પ્રશ્નનો ઉત્તર આ વિધાનમાં મળી રહે છે. ધાર્મિક સ્થાનોએ આપણે જે ઉપદેશ સાંભળીએ છીએ તેને આપણે ભાગ્યે જ ગંભીરતાથી લઈએ છીએ. આનાથી વિપરિત, ઘરો, કાર્યાલયો કે જાહેર સ્થાનોએ આપણને મફતમાં જે ઉપદેશ આપવામાં આવે છે તેની આપણે ઘણી ચર્ચા કરીએ છીએ. આશ્ચર્ય તો એ વાતનું છે કે જે તરવાનું જ જાણતો નથી તે બીજાને કેવી રીતે તરવું તે શીખવતો હોય છે. જે પોતાની આજીવિકા પણ કમાઈ શકતો નથી, તે દેશને આર્થિક સંકટોમાંથી કેવી રીતે ઉગારવો તે જાણવાનો દંભ કરે છે. બીજાને સલાહ આપવાનું સૌને ગમે છે, કારણ કે તેમાં જરાય કષ્ટ પડતું નથી. હા, આપણે જે સલાહ બીજાને આપીએ છીએ તેનું આચરણ જાતે જ કરવામાં કષ્ટ રહેલું છે. આપણા ધર્મગ્રંથો પણ કર્મને જ મહત્ત્વ આપે છે. ચાણક્ય, છત્રપતિ શિવાજી અને મહાત્મા ગાંધીજી તેમના કર્મોથી મહાન છે, ઉપદેશને કારણે નહીં. મહાપુરુષોના જીવનમાંથી આપણે એક સત્ય શીખીએ છીએ - 'સારા બનો અને સારાં કામ કરો.' સારા થવાની શરૂઆત પોતાનાથી જ થાય છે.

2 (A) Give meaning of the following idioms/phrases and use them in the meaningful and illustrative sentences : 10

(1) hard nut to crack.

(2) put off.

(3) a white lie.

(4) at the eleventh hour.

(5) to make both ends meet.

(B) Correct, if necessary, the following sentences and rewrite them : 5

(1) If I was bird, I would fly.

(2) As soon as the teacher scolded her, then she began to cry.

(3) I have re-arranged all my furnitures.

(4) Its a wonder that you didn't hurt yourself in the accident.

(5) Ram as well as Shyam are my good friends.

(C) Change the voice of the following sentences : 5

(1) He has been writing letters since morning.

(2) Who is buying fruits ?

(3) Let's play chess.

(4) We must follow the traffic rules.

(5) 'Keep silence, please'.

(D) Fill in the blanks with correct forms of verbs given in the brackets and rewrite the sentences completely : 10

(1) When we reached the stadium, Sachin and Saurav ________. (play)

(2) We will return when the sun ________. (set)

(3) He ________ the Gita for several times. (read)

(4) She met with an accident while ________ the road. (cross)

(5) They reached the station after the train ________. (leave)

(6) It ________ here since morning. (rain)

(7) Had you worked hard, you ________. (pass)

(8) Look, the police ________ the terrorists. (chase)

(9) I ________ any film recently. (not + see)

(10) I ________ who wrote "Gitanjali" when I was a kid. (not + know)

(E) Fill in the blanks with correct prepositions or articles and rewrite the sentences completely : 10

(1) Complete the assignment ________ June 30.

(2) She fell ________ the bike and hurt herself.

(3) Look ________ the jar and see what is there in it.

(4) The speaker stood ________ the two rows.

(5) ________ Sharmas are our neighbours.

(6) ________ one rupee note is hard to find.

(7) ________ M. Phil. degree is a must to qualify.

(8) ________ the Maratha rule, people were happy.

(9) Tell me who wrote ________ Ramayan.

(10) Look, the birds are flying ________ the green fields.

(F) Do as directed and rewrite the following sentences : **10**

(1) If Ram does not work hard, he will not get first class. (Use 'Unless')

(2) He said to me, "Where were you yesterday ?" (Turn into indirect speech)

(3) Let him solve the problem himself. (use 'allow')

(4) What a lovely scene it was ! (Turn into simple sentence)

(5) People thronged into the stadium, ________ ? (Add a question tag)

(6) The Ganga is the holiest of all rivers. (Change the degree)

(7) He is too clever to solve that problem. (Remove 'too')

(8) The judge did not ask me ________ question. (Use 'any' or 'some')

(9) The function is over, you don't ________ to stay here any more. (Use 'dare' or 'need')

(10) Does Sita like music ? ________. (Give a short answer using 'No')

---